# ગુજરાત યુનિવર્સિટી

## જાહેનામા નં. ૧૬૨૦ /૨૦૧૫

આથી જાહેર કરવામાં આવે છે કે, એપ્રિલ/મે/જુન/જુલાઇ-૨૦૧૫માં લેવાયેલ આ યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષામાં સદર વિદ્યાર્થીઓનું પરીક્ષામાં તેમનું પરિણામ અનામત (Reserve) રાખવામાં આવેલ હતું. તેમજ હવે આ વિદ્યાર્થીએ તેમના નામ સામે જણાવેલ ડિબાર્ડ (સજા)ની મુદત બાદ લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષામાં તેમને લાગુ પડતી પરીક્ષાનું આવેદનપત્ર ભરીને તેમની કોલેજના આચાર્યશ્રી મારફતે જે તે પરીક્ષા માટે પરીક્ષાનું આવેદનપત્ર ભરવા માટે નક્કી થયેલ તારીખ સુધીમાં આ યુનિવર્સિટી કાર્યાલયમાં સમયસર મોકલીને પરીક્ષામાં બેસી શકશે અને આ અંગે વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર ક્યારે ભરવું તે માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.

| કેસ નંબર | વિદ્યાર્થીનું નામ તથા સરનામું | પરીક્ષા | પરીક્ષાનો બેઠક નંબર | કોલેજનું નામ | ડીબાર્ડની મુત |
|---|---|---|---|---|---|
| ૧ | પરીખ રાહુલ રમેશચંન્દ્ર | એમ.કોમ.સેમે-ર | ૧૯૨૩ | (૨૫૮) જે. જી. | જે તે પેપરમાં નાપાસ |
| ૨ | મલેક આકીલ મહંમદહનિફ | એમ.એ.સેમે-૪ | ૧૨૧૭૪ | એક્ષર્ટનલ | પરિણામ જાહેર કરવું |
| ૩ | રાઠવા લક્ષ્મણભાઇ નારણભાઇ | એમ.એ.સેમે-૪ | ૧૨૧૭૫ | એક્ષર્ટનલ | પરિણામ જાહેર કરવું |
| ૪ | રાઠવા કલાવતીબેન વિઠ્ઠલભાઇ | એમ.એ.સેમે-૪ | ૧૨૧૭૬ | એક્ષર્ટનલ | પરિણામ જાહેર કરવું |
| ૫ | પટેલ સેતુ મુકુંદભાઇ | ફોર્થ બી.ડી.એસ. | ૫૫૦ | ગોયેન્કા ડેન્ટલ | જે તે પેપરમાં નાપાસ |
| ૬ | અસલમ શ્યામ એ. | ફસ્ટર્ બી.ઓપ્ટોમ | ૨ | નગર આઇ | F + ૦ |
| ૭ | ડામોર હેતલ આર. | ફર્સ્ટ બી.એસસી. નર્સિંગ | ૮૨૫ | દીનશા પટેલ | જે તે પેપરમાં નાપાસ |

નં. પરીક્ષા/૧/અ/ ૨૭૨૧૮ /૨૦૧૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
તારીખ : ૧૧/૯/૨૦૧૫

**કુલસચિવ વતી.**

**<u>નકલ રવાના</u> :-**

૧) લાગતાવળગતા વિદ્યાર્થી તરફ જાણ સારૂ તેમજ વિદ્યાર્થીઓએ પરીક્ષાનું આવેદનપત્ર ક્યારે ભરવું તેની સમજ માટે તેમની કોલેજના આચાર્યશ્રીનો સંપર્ક સાધવાની સુચના સાથે.
૨) ગુજરાત રાજયની યુનિવર્સિટીઓના કુલસચિવશ્રીઓ તરફ.
૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ.
૪) સંબંધિત કલાર્કશ્રી, પરીક્ષા વિભાગ, ગુજ. યુનિ. અમદાવાદ-૯

## ડીબાર્ડ (સજાની) વિગત (કોલેજ તથા વિદ્યાર્થીઓની જાણ સારૂ)

(૧) **F + ૦ :**

પરિણામ રદ કરવું તેમજ તે વિદ્યાર્થી આગળની ટર્મમાં પ્રવેશપાત્ર બનશે નહીં. ત્યારબાદ આવતી પરીક્ષામાં બેસી શકશે અને ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.

**(દા.ત. ડીસેમ્બર-૨૦૧૩ની પરીક્ષામાં સેમે-૧માં કોપી કેસ થયેલ વિદ્યાર્થીને ડીસેમ્બર-૨૦૧૪માં લેવાનારી પરીક્ષા આપી શકે. તેમજ જાન્યુઆરી-૨૦૧૫માં આગળના સેમેસ્ટર-૨માં પ્રવેશપાત્ર બનશે.)**

(૨) **F + ૧ :**

પરિણામ રદ કરવું તેમજ ત્યારબાદ આવતી પરીક્ષા પણ આપી શકશે નહીં. એટલે કે, વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોય તે ઉપરાંતની એક પરીક્ષા આપી શકશે નહીં. ત્યારપછી આવતી પરીક્ષામાં બેસી શકશે. તેમજ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.

**(દા.ત. ડીસેમ્બર-૨૦૧૩ની પરીક્ષામાં સેમે-૧માં કોપી કેસ થયેલ વિદ્યાર્થીને ડીસેમ્બર-૨૦૧૫માં લેવાનારી પરીક્ષા આપી શકે. તેમજ જાન્યુઆરી-૨૦૧૬માં આગળના સેમેસ્ટર-૨માં પ્રવેશપાત્ર બનશે.)**

(૩) **F + ૨ :**

પરિણામ રદ કરવું તેમજ ત્યારબાદ આવતી બે પરીક્ષા પણ આપી શકશે નહીં. એટલે કે, વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોય તે ઉપરાંતની બે પરીક્ષા આપી શકશે નહીં. ત્યારપછી આવતી પરીક્ષામાં બેસી શકશે. તમજ ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બનશે.

**(દા.ત. ડીસેમ્બર-૨૦૧૩ની પરીક્ષામાં સેમે-૧માં કોપી કેસ થયેલ વિદ્યાર્થી ડીસેમ્બર-૨૦૧૬માં લેવાનારી પરીક્ષા આપી શકે. ત્યારબાદ જાન્યુઆરી-૨૦૧૭માં આગળના સેમેસ્ટર-૨માં પ્રવેશપાત્ર બનશે.)**

(૪) **જે તે વિષય/પેપરમાં નાપાસ : જે તે વિષય/પેપરમાં ઝીરો (Zoo) ગુણ આપી પરિણામ જાહેર કરવું :**

વિદ્યાર્થીને જે તે વિષય/પેપરમાં જ નાપાસ કરેલ હોય તો વિદ્યાર્થીનું જે તે સેમેસ્ટરનું પરિણામ જાહેર કરવું તેમજ તે વિદ્યાર્થી ઉપલાના સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર બને છે.

(૫) વધુમાં વિદ્યાર્થીને જે તે સેમેસ્ટરમાં કોપી કેસ થયેલ હોય પરંતુ તેને પાછળના સેમેસ્ટરની કોઇ પરીક્ષા બાકી હોય તો તે પરીક્ષા આપવાને પાત્ર બને છે.

**(દા.ત. વિદ્યાર્થીને સેમે-૩માં કોપી કેસ થયેલ હોય તો તે વિદ્યાર્થીને સેમે-૧ તથા ૨માં કોઇ પણ વિષય/પેપરમાં નાપાસ હોય તો તે પરીક્ષા આપી શકે છે.)**

(૬) આ ઉપરાંત વિદ્યાર્થીએ જે તે પરીક્ષામાં જે વિષય/પેપરમાં **પ્રેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની** પરીક્ષા સંપૂર્ણ અલગ-અલગ હેડમાં હશે તે પરીક્ષા વિદ્યાર્થીએ પુનઃ આપવાની રહેશે નહીં. પરંતુ જે વિષય/પેપરમાં થીયરીની સાથે પ્રેકટીકલ/લેસન/પ્રોજેકટ/વાયવાની પરીક્ષાનો એક જ હેડમાં સમાવેશ થયો હશે તેવી પરીક્ષાઓમાં પકડાયેલ વિદ્યાર્થીએ તેની થીયરીની સાથે પ્રેકટીકલ/લેસન/ પ્રોજેકટ/વાયવાની પરીક્ષા ફરજીયાત પુનઃ આપવાની થશે.